**GUJARAT BILL NO. 23 OF 2021.**

# THE INDIAN PARTNERSHIP (GUJARAT AMENDMENT) BILL, 2021.

## *A BILL*

*further to amend the Indian Partnership Act, 1932 in its application to the State of Gujarat.*

**સન ૨૦૨૧નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૨૩.**

## ભારતનું ભાગીદારી (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૨૧.

## ગુજરાત રાજ્યને લાગુ પડતો ભારતનો ભાગીદારી અધિનિયમ, ૧૯૩૨ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના બોત્તેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

**૧.** (૧) આ અધિનિયમ ભારતનો ભાગીદારી (ગુજરાત સુધારા) અધિનિયમ, ૨૦૨૧ કહેવાશે. **ટૂંકી સંજ્ઞા અને આરંભ.**

(૨) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે:

પરંતુ આ અધિનિયમની જુદી જુદી જોગવાઇઓ માટે જુદી જુદી તારીખો નક્કી કરી શકાશે.

સન ૧૯૩૨-નો ૯મો. **૨.** ભારતનો ભાગીદારી અધિનિયમ, ૧૯૩૨ (જેનો આમાં હવે પછી, “મુખ્ય અધિનિયમ” તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૫૮માં,- **સન ૧૯૩૨-ના ૯-મા અધિનિયમની કલમ ૫૮ નો સુધારો.**

(ક) પેટા-કલમ (૧)માં,-

(૧) પેઢીનું રજિસ્ટ્રેશન એ શબ્દોને બદલે, પેટા-કલમો (૧ક) થી (૧ગ)ની જોગવાઇઓને અધીન રહીને પેઢીનું રજિસ્ટ્રેશન એ શબ્દો, કૌંસ, આંકડો અને અક્ષર મૂકવા;

(૨) ટપાલ દ્વારા મોકલીને અથવા પહોંચાડીને એ શબ્દોને બદલે, રજૂ કરીને એ શબ્દો મૂકવા;

(૩) ઠરાવેલા નમૂનામાં તથા ઠરાવેલી ફી સાથે નીચેની વિગતોવાળુ પત્રક એ શબ્દોને બદલે, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે, તેવા દસ્તાવેજો સાથે તથા તેટલી ફી સાથે નીચેની વિગતોવાળુ પત્રક એ શબ્દો મૂકવા;

(૪) ખંડ (ક) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:-

(કક) પેઢીના ધંધાનો પ્રકાર,;

(ખ) પેટા-કલમ (૧) પછી, નીચેની પેટા-કલમો દાખલ કરવી:-

(૧ક) કલમ ૫૯ હેઠળ પેઢીનું રજિસ્ટ્રેશન મેળવવા(કરાવવા) માટે પાત્ર બનવા માટે, પત્રકમાં સહી કરનાર દરેક ભાગીદાર અને પેઢી પાસે, આવક વેરા અધિનિયમ, ૧૯૬૧ હેઠળ કાઢી આપવામાં આવેલો કાયમી ખાતા નંબર (PAN) હોવો જોઇશે: સન ૧૯૬૧નો ૪૩મો.

પરંતુ કોઇપણ પેઢીમાં ભાગીદાર હોય તેવી બિન-નિવાસી વ્યક્તિને, ઠરાવવામાં આવે તેવા અન્ય દસ્તાવેજોના આધાર પર મંજૂરી આપી શકાશે.

(૧ખ) રાજ્ય સરકારે, રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરેલી તારીખે અને તે તારીખથી, કલમ ૫૯ હેઠળ પેઢીનું રજિસ્ટ્રેશન મેળવવા(કરાવવા) માટે પાત્ર બનવા માટે, દરેક વ્યક્તિગત ભાગીદારે, પ્રમાણીકરણ કરાવવું જોઇશે અથવા ઠરાવવામાં આવે તેવી રીતે આધાર નંબર ધરાવતા હોવાનો પુરાવો રજૂ કરવો જોઇશે:

પરંતુ કોઇ વ્યક્તિને આધાર નંબર આપવામાં આવ્યો ન હોય, તો આવી વ્યક્તિને ઠરાવવામાં આવે તેવી રીતે ઓળખના વૈકલ્પિક અને વ્યવહાર્ય પુરાવા રજૂ કરવા દેવા જોઇશે.

(૧ગ) **રાજ્ય સરકારે, રાજપત્રમાં જાહેરનામાથી** નિર્દિષ્ટ કરેલી તારીખે અને તે તારીખથી, કલમ ૫૯ હેઠળ પેઢીનું રજિસ્ટ્રેશન મેળવવા(કરાવવા) માટે પાત્ર બનવા માટે, વ્યક્તિગત ભાગીદાર સિવાયની દરેક વ્યક્તિએ, પ્રમાણીકરણ કરાવવું જોઇશે

અથવા **ઠરાવવામાં આવે તેવી રીતે** કર્તા, મેનેજિંગ ડિરેક્ટર(વહીવટી સંચાલક), પૂર્ણકાલીન ડિરેક્ટર, તેટલી સંખ્યામાં ભાગીદારો, એસોસિએશનની સંચાલક સમિતિના સભ્યો, બોર્ડ ઓફ ટ્રસ્ટીઝ (ટ્રસ્ટી મંડળ), અધિકૃત પ્રતિનિધિ, અધિકૃત સહી કરનાર અને વ્યક્તિઓના તેવા બીજા વર્ગના આધાર નંબર ધરાવતા હોવાનો પુરાવો રજૂ કરવો જોઇશે:

પરંતુ આવી વ્યક્તિ અથવા વ્યક્તિઓના વર્ગને આધાર નંબર આપવામાં ન આવ્યો હોય, ત્યારે આવી વ્યક્તિ અથવા વ્યક્તિઓના વર્ગને, **ઠરાવવામાં આવે તેવી રીતે** ઓળખના વૈકલ્પિક અને વ્યવહાર્ય પુરાવા રજૂ કરવા દેવા જોઇશે.

(૧ઘ) રાજ્ય સરકાર, **રાજપત્રમાં** જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેવી વ્યક્તિ અથવા વ્યક્તિઓના વર્ગને, પેટા-કલમ (૧ખ) અથવા પેટા-કલમ (૧ગ)ની જોગવાઇઓ લાગુ પડશે નહીં.

સન ૨૦૧૬નો ૧૮મો.

**સ્પષ્ટીકરણ**.- આ કલમના હેતુઓ માટે, "આધાર નંબર" એ શબ્દપ્રયોગનો અર્થ, આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૬ની કલમ ૨-ના ખંડ (ક)માં તેનો જે અર્થ કરવામાં આવ્યો છે તે જ થશે.";

(ગ) પેટા-કલમ (૩)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી:-

સન ૧૯૫૦નો ૧૨-મો.

"(૩) નિશાન અને નામ (અયોગ્ય ઉપયોગ નિવારણ) અધિનિયમ, ૧૯૫૦-ની અનુસૂચિમાં નિર્દિષ્ટ કરવામાં આવેલ કોઇપણ નામથી અથવા નિશાનથી અથવા તે અધિનિયમ હેઠળ તેમ કરવાની મંજૂરી આપવામાં આવી હોય તે સિવાય, તેની સંભવિત કોઇ નકલથી અથવા સમાનતાને કારણે લોકો દ્વારા કોઇ બીજી પેઢીના નામ સાથે જોડવાની સંભાવના હોય તેવા નામથી અથવા કારણોની લેખિતમાં નોંધ કરીને, રજિસ્ટ્રારના અભિપ્રાય પ્રમાણે, અનિચ્છનીય હોય તેવા નામથી, કોઇપણ પેઢીનું રજિસ્ટ્રેશન કરવું જોઇશે નહિ:

સન ૨૦૨૧નો ગુજરાતનો મો.

પરંતુ આ પેટા-કલમમાંનો કોઇપણ મજકૂર, ભારતનો ભાગીદારી (ગુજરાત સુધારા) અધિનિયમ, ૨૦૨૧ના આરંભની તારીખ પહેલાં, આવા કોઇ નામ હેઠળ રજિસ્ટર થયેલી કોઇ પેઢીને લાગુ પડશે નહિ.

**સ્પષ્ટીકરણ.**- આ પેટા-કલમના હેતુ માટે,-

(૧) વ્યાપાર ચિન્હના માલિક અથવા યથાપ્રસંગ, વ્યાપાર ચિન્હના રજિસ્ટ્રેશન માટે અરજી કરનારની સંમતિ લેવામાં આવી હોય અને પેઢી દ્વારા રજૂ કરવામાં આવી હોય તે સિવાય, નામમાં રજિસ્ટર થયેલ વ્યાપાર ચિન્હના નામનો અથવા રજિસ્ટ્રેશન માટેની અરજીનો વિષય હોય તેવા વ્યાપાર ચિન્હના નામનો સમાવેશ થતો હોય,

(૨) તેમાં લોકોના કોઈ વર્ગ માટે અપમાનજનક હોય તેવા કોઈ શબ્દ અથવા શબ્દોનો સમાવેશ થતો હોય,

-તો તે (નામ) અનિચ્છનીય ગણાશે.

સન ૧૯૩૨ના ૯મા અધિનિયમની કલમ ૫૯નો સુધારો.

3. મુખ્ય અધિનિયમમાં, કલમ ૫૯ને, તે કલમની પેટા-કલમ (૧) તરીકે ફરી નંબર આપવો અને,-

(ક) આવી રીતે ફરી નંબર આપેલી પેટા-કલમ (૧)માં, ‘‘પેઢીનું રજિસ્ટ્રાર એ નામના રજિસ્ટરમાં તે પત્રક નોંધીને, તે પત્રક ફાઈલ કરવું જોઈશે.’’ એ શબ્દોને બદલે, ‘‘ઠરાવવામાં આવે તેટલી મુદતની અંદર પેઢીનું રજિસ્ટર એ નામના રજિસ્ટરમાં તે પત્રકની નોંધ કરવી જોઈશે અને આવી નોંધ રેકર્ડ કરવામાં આવી હોય તે તારીખે પત્રક ફાઈલ કરવું જોઈશે અને આવી પેઢી, એવી તારીખે રજિસ્ટર થયેલી હોવાનું ગણાશે.’’ એ શબ્દો મૂકવા;

(ખ) આવી રીતે ફરી નંબર આપેલી પેટા-કલમ (૧) પછી, નીચેની પેટા-કલમો ઉમેરવી:-

‘‘(૨) રજિસ્ટ્રારને એવું જણાય કે આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ ફરમાવેલી વિગતો પૈકી કોઇ વિગતોના સંબંધમાં કલમ ૫૮ હેઠળ રજૂ કરાયેલું

પત્રક અથવા કોઈ દસ્તાવેજ ખામીયુક્ત અથવા અપૂર્ણ છે અથવા તેમાં પૂરી પાડેલી વિગતોમાં કોઇ વિસંગતતા અથવા અનિયમિતતા જોવા મળે, ત્યારે તે, ઠરાવવામાં આવે તેટલા સમયની અંદર અને તેવી રીતે, યોગ્ય સુધારા અથવા સ્પષ્ટીકરણ કરવા માટે, પેઢીને જાણ કરી શકશે.

(૩) રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે કાઢી આપવું જોઈશે.

(૪) પેટા-કલમ (૨) હેઠળ કરેલી જાણના સંબંધમાં, ઠરાવવામાં આવે તેટલા સમયની અંદર અને તેવી રીતે કોઇ સુધારો કરવામાં અથવા સ્પષ્ટીકરણ આપવામાં ન આવે, ત્યારે અથવા રજિસ્ટ્રારને રજૂ કરેલા સુધારા, સ્પષ્ટીકરણ, માહિતી અથવા દસ્તાવેજોથી ખાતરી ન થાય, ત્યારે તેણે, કારણોની લેખિતમાં નોંધ કરીને, પેઢીનું રજિસ્ટ્રેશન કરવાનો ઇનકાર કરવો જોઇશે અને ઠરાવવામાં આવે તેવા નમૂનામાં, તેટલા સમયની અંદર અને તેવી રીતે પેઢીને જાણ કરવી જોઇશે.

(૫) રજિસ્ટર થયેલી પેઢીએ, તેના નામ પછી તરત જ, ''(રજિસ્ટર્ડ)'' એ કૌંસ અને શબ્દ વાપરવા જોઈશે.''.

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૬૦માં,- સન ૧૯૩૨ના ૯મા અધિનિયમની કલમ ૬૦નો સુધારો.

(ક) પેટા-કલમ (૧)માં,-

(૧) ''પત્રક ઠરાવેલી ફી સાથે રજિસ્ટ્રારને મોકલી શકાશે'' એ શબ્દોને બદલે, ''પત્રક ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે, તેવા દસ્તાવેજો સાથે તથા તેટલી ફી સાથે રજિસ્ટ્રારને રજૂ કરી શકાશે'' એ શબ્દો મૂકવા;

(૨) નીચેનો પરંતુક દાખલ કરવો:-

સન ૧૯૬૧નો ૪૩મો. ''પરંતુ આવી પેઢી, આવક વેરા અધિનિયમ, ૧૯૬૧ હેઠળ કાઢી આપવામાં આવેલો કાયમી ખાતા નંબર (PAN) રજૂ કરે નહિ, ત્યાં સુધી પેઢીના નામમાં કોઈ ફેરફાર કરવો જોઈશે નહિ.'';

(ખ) પેટા-કલમ (૨)માં,-

(૧) “તે પત્રક અનુસાર” એ શબ્દો પહેલાં, “ઠરાવવામાં આવે તેટલી મુદતની અંદર” એ શબ્દો દાખલ કરવા;

(૨) “કલમ ૫૯ હેઠળ ફાઈલ કરેલા, તે પેઢી સંબંધી પત્રકની સાથે, તે ફાઈલ કરવું જોઈશે” એ શબ્દો અને આંકડા પછી, “અને આવી પેઢીની વિગતોમાં, આવી તારીખે ફેરફાર કર્યો હોવાનું ગણવામાં આવશે” એ શબ્દો દાખલ કરવા;

(ગ) પેટા-કલમ (૨) પછી, નીચેની પેટા-કલમો ઉમેરવી:-

“(૩) રજિસ્ટ્રારને એવું જણાય કે આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ ફરમાવેલી વિગતો પૈકી કોઇ વિગતોના સંબંધમાં પેટા-કલમ (૧) હેઠળ રજૂ કરાયેલું પત્રક અથવા કોઈ દસ્તાવેજ ખામીયુક્ત અથવા અપૂર્ણ છે અથવા તેમાં પૂરી પાડેલી વિગતોમાં કોઇ વિસંગતતા અથવા અનિયમિતતા જોવા મળે, ત્યારે તેણે, ઠરાવવામાં આવે તેટલા સમયની અંદર અને તેવી રીતે, યોગ્ય સુધારા અથવા સ્પષ્ટીકરણ કરવા માટે, પેઢીને જાણ કરવી જોઇશે.

(૪) પેટા-કલમ (૩) હેઠળ કરેલી જાણના સંબંધમાં, ઠરાવવામાં આવે તેટલા સમયની અંદર અને તેવી રીતે કોઇ સુધારો કરવામાં અથવા સ્પષ્ટીકરણ આપવામાં ન આવે ત્યારે અથવા રજિસ્ટ્રારને, રજૂ કરેલા સ્પષ્ટીકરણ, માહિતી અથવા દસ્તાવેજોથી ખાતરી ન થાય, ત્યારે તેણે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ફેરફારનો ઈનકાર કરવો જોઈશે અને ઠરાવવામાં આવે તેવા નમૂનામાં, તેટલા સમયની અંદર અને તેવી રીતે પેઢીને જાણ કરવી જોઇશે.”.

**સન ૧૯૩૨ના ૯મા અધિનિયમની કલમ ૬૧નો સુધારો.**

૫. મુખ્ય અધિનિયમમાં, કલમ ૬૧માં, “રજિસ્ટ્રારને તે બાબતની ખબર મોકલી શકશે” એ શબ્દોને બદલે, “ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે, તેવા દસ્તાવેજો સાથે તથા તેટલી ફી સાથે તે અંગેની જાણ, રજિસ્ટ્રારને કરી શકશે.” એ શબ્દો મૂકવા.

**સન ૧૯૩૨ના ૯મા અધિનિયમની કલમ ૬૨-નો સુધારો.**

૬. મુખ્ય અધિનિયમમાં, કલમ ૬૨માં, “તે ફેરફાર અંગેની ખબર રજિસ્ટ્રારને મોકલી શકશે” એ શબ્દોને બદલે, “ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે,

તેવા દસ્તાવેજો સાથે તથા તેટલી ફી સાથે તે ફેરફાર અંગેની જાણ, રજિસ્ટ્રારને કરી શકશે.'' એ શબ્દો મૂકવા.

૭. મુખ્ય અધિનિયમમાં, કલમ ૬૩માં,-

સન ૧૯૩૨ના ૯મા અધિનિયમની કલમ ૬૩નો સુધારો.

(ક) પેટા-કલમ (૧)માં,-

(૧) ''તે વ્યક્તિ રજિસ્ટ્રારને એવા ફેરફારની અથવા વિસર્જનની તારીખ નિર્દિષ્ટ કરતી તે બાબતની નોટિસ આપી શકાશે'' એ શબ્દોને બદલે, ''તે વ્યક્તિએ એવા ફેરફારની અથવા વિસર્જનની તારીખથી નેવું દિવસની મુદતની અંદર, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે, તેવા દસ્તાવેજો સાથે તથા તેટલી ફી સાથે એવા ફેરફાર અથવા વિસર્જનની તારીખ નિર્દિષ્ટ કરતી તે બાબતની નોટિસ રજિસ્ટ્રારને આપવી જોઈશે એ શબ્દો મૂકવા;

(૨) નીચેનો પરંતુક દાખલ કરવો:-

સન ૨૦૨૧નો ગુજરાતનો મો.

''પરંતુ ભારતનો ભાગીદારી (ગુજરાત સુધારા) અધિનિયમ, ૨૦૨૧ના આરંભની તારીખ પહેલાં, આ અધિનિયમ હેઠળ રજિસ્ટર થયેલી કોઈ પેઢીના કિસ્સામાં અને એવા ફેરફાર અથવા વિસર્જનને લગતી માહિતી પૂરી પાડવામાં આવી ન હોય, ત્યારે રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેવી મુદતની અંદર, એવા ફેરફાર અથવા વિસર્જનને લગતી નોટિસ રજૂ કરવી જોઈશે.'';

(ખ) પેટા-કલમ (૨)માં,-

(૧) ''તેનો એજન્ટ રજિસ્ટ્રારને નોટિસ આપી શકશે'' એ શબ્દોને બદલે, ''તેના એજન્ટે, તેની પસંદગીની તારીખથી નેવું દિવસની અંદર, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે, તેવા દસ્તાવેજો સાથે તથા તેટલી ફી સાથે રજિસ્ટ્રારને નોટિસ રજૂ કરવી જોઈશે'' એ શબ્દો મૂકવા;

(૨) નીચેનો પરંતુક દાખલ કરવો:-

સન ૨૦૨૧નો ગુજરાતનો મો. “પરંતુ ભારતનો ભાગીદારી (ગુજરાત સુધારા) અધિનિયમ, ૨૦૨૧ના આરંભની તારીખ પહેલાં, આ અધિનિયમ હેઠળ રજિસ્ટર થયેલી કોઈ પેઢીના કિસ્સામાં અને એવી પસંદગીને લગતી માહિતી પૂરી પાડવામાં આવી ન હોય, ત્યારે રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેવી મુદતની અંદર, એવી પસંદગીને લગતી નોટિસ રજૂ કરવી જોઈશે.”;

(ગ) પેટા-કલમ (૨) પછી, નીચેની પેટા-કલમો ઉમેરવી:

“(૩) રજિસ્ટ્રારને એવું જણાય કે આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ ફરમાવેલી વિગતો પૈકી કોઇ વિગતોના સંબંધમાં પેટા-કલમ (૧) અથવા પેટા-કલમ (૨) હેઠળ રજૂ કરેલી નોટિસ અથવા કોઇ દસ્તાવેજ ખામીયુક્ત અથવા અપૂર્ણ છે અથવા તેમાં રજૂ કરેલી વિગતોમાં કોઇ વિસંગતતા અથવા અનિયમિતતા જોવા મળે, ત્યારે તેણે, ઠરાવવામાં આવે તેટલા સમયની અંદર અને તેવી રીતે, યોગ્ય સુધારા અથવા સ્પષ્ટીકરણ કરવા માટે, ભાગીદાર અથવા તેના એજન્ટને જાણ કરવી જોઇશે.

(૪) પેટા-કલમ (૩) હેઠળ કરેલી જાણના સંબંધમાં, ઠરાવવામાં આવે તેટલા સમયની અંદર અને તેવી રીતે કોઇ સુધારો કરવામાં અથવા સ્પષ્ટીકરણ આપવામાં ન આવે ત્યારે અથવા રજિસ્ટ્રારને, રજૂ કરેલા સ્પષ્ટીકરણ, માહિતી અથવા દસ્તાવેજોથી ખાતરી ન થાય, ત્યારે તેણે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ફેરફાર અથવા વિસર્જનનો ઇનકાર કરવો જોઇશે અને ઠરાવવામાં આવે તેવા નમૂનામાં, તેટલા સમયની અંદર અને તેવી રીતે ભાગીદાર અથવા તેના એજન્ટને જાણ કરવી જોઇશે.

(૫) પેટા-કલમ (૧) અથવા પેટા-કલમ (૨) હેઠળની નોટિસ, તેમાં નિર્દિષ્ટ કરેલી મુદતની અંદર, રજિસ્ટ્રારને રજૂ કરવામાં આવી ન હોય, ત્યારે રજિસ્ટ્રાર, નિર્દિષ્ટ મુદત પૂરી થયાની તારીખ અને આવી ચુકવણી કર્યાની તારીખ વચ્ચેની મુદતના સંબંધમાં, તે (નોટિસ) આપવામાં થયેલા વિલંબ માટે, ઠરાવવામાં આવે તેવા ચાર્જિસની ચુકવણી થયેથી, આવી નોટિસની નોંધ કરી શકશે.”.

૮. મુખ્ય અધિનિયમમાં, કલમ ૭૦ પછી, નીચેની કલમો ઉમેરવી;- સન ૧૯૩૨-ના ૯મા અધિનિયમમાં નવી કલમો ૭૦ક થી ૭૦ગ દાખલ કરવા બાબત. સન ૧૯૬૧નો ૪૩મો.

ભાગીદારો અને રજિસ્ટર થયેલી પેઢીના કાયમી ખાતા નંબર.

"**૭૦ક.** દરેક ભાગીદાર અને રજિસ્ટર થયેલી પેઢીએ, ઠરાવવામાં આવે તેવી રીતે અને તેટલા સમયની અંદર, આવકવેરા અધિનિયમ, ૧૯૬૧ હેઠળ આપેલો કાયમી ખાતા નંબર **(PAN)** પૂરો પાડવો જોઇશે:

પરંતુ કાયમી ખાતા નંબર પૂરો પાડવામાં ચૂક થવાના કિસ્સામાં, આવી પેઢીને કરી આપેલું રજિસ્ટ્રેશન અમાન્ય હોવાનું ગણાશે.

રજિસ્ટર થયેલી પેઢીના ભાગીદારોનું આધાર પ્રમાણીકરણ.

**૭૦ખ.** રજિસ્ટર થયેલી પેઢીના દરેક ભાગીદારે, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે અને તેટલા સમયની અંદર, આધાર નંબરનું પ્રમાણીકરણ કરાવવું જોઇશે અથવા તે (આધાર નંબર) ધરાવતા હોવાનો પુરાવો રજૂ કરવો જોઇશે:

પરંતુ રજિસ્ટર થયેલી પેઢીના ભાગીદારને આધાર નંબર આપવામાં આવ્યો ન હોય, તો આવા ભાગીદારને, રાજ્ય સરકાર ઠરાવે તેવી રીતે ઓળખના વૈકલ્પિક અને વ્યવહાર્ય પુરાવા રજૂ કરવા દેવા જોઇશે:

વધુમાં, આધાર નંબરનું પ્રમાણીકરણ કરાવવામાં અથવા તે (આધાર નંબર) ધરાવતા હોવાનો પુરાવો રજૂ કરવામાં અથવા ઓળખના વૈકલ્પિક અને વ્યવહાર્ય પુરાવા રજૂ કરવામાં ચૂક થવાના કિસ્સામાં, આવી પેઢીને કરી આપવામાં આવેલું રજિસ્ટ્રેશન અમાન્ય હોવાનું ગણાશે.

અપીલ.

**૭૦ગ.** કલમ ૫૮ની પેટા-કલમ (૩), કલમ ૫૯ની પેટા-કલમ (૪), કલમ ૬૦ની પેટા-કલમ (૪) અથવા કલમ ૬૩ની પેટા-કલમ (૪) હેઠળના રજિસ્ટ્રારના હુકમથી નારાજ થયેલી કોઇપણ વ્યક્તિ, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં, તેટલા સમયની અંદર, તેવી રીતે અને તેટલી ફીની ચુકવણી કર્યેથી, તેવા સત્તાધિકારી સમક્ષ અપીલ કરી શકશે અને આવી અપીલની સુનાવણી ઠરાવવામાં આવે તેવી રીતે કરીને તેનો નિર્ણય કરવો જોઇશે.".

૯. મુખ્ય અધિનિયમમાં, કલમ ૭૧માં,- સન ૧૯૩૨-ના ૯મા અધિનિયમની કલમ ૭૧નો સુધારો.

(૧) પેટા-કલમ (૧)માં,-

(ક) "ફી ઠરાવતા" એ શબ્દોને બદલે, "ફી, ફીની ચુકવણીની રીત અને ફીની રકમ ઠરાવતા" એ શબ્દો મૂકવા;

(ખ) વિદ્યમાન પરંતુક કમી કરવો;

(૨) પેટા-કલમ (૨)માં, ખંડ (ખ) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:-

"(ખખ)આ અધિનિયમ હેઠળ પેઢીઓનું રજિસ્ટ્રેશન અને ફીની ચુકવણી સરળ બનાવવા માટેનું પોર્ટલ ઠરાવવા માટે;".

**સન ૧૯૩૨-ના ૯મા અધિનિયમની અનુસૂચિ ૧ કમી કરવા બાબત.**

**૧૦.** મુખ્ય અધિનિયમમાં, વિદ્યમાન અનુસૂચિ ૧ કમી કરવી.

## ઉદ્દેશો અને કારણો

ભાગીદારીને લગતા કાયદાને વ્યાખ્યાયિત કરવા અને સુધારવાના ઉદ્દેશથી ભારતનો ભાગીદારી અધિનિયમ, ૧૯૩૨ (કેન્દ્રીય અધિનિયમ) ઘડવામાં આવ્યો હતો. અધિનિયમની કલમ ૫૭ હેઠળ પેઢીઓના રજિસ્ટ્રારની નિમણૂક કરવાની સત્તા રાજ્ય સરકારમાં નિહિત કરવામાં આવી છે. પરિણામે, ભાગીદારી પેઢીના રજિસ્ટ્રેશન અને તેમાંના સુધારાના સંબંધમાંની તમામ કાર્યવાહી રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવે છે.

કેન્દ્રીય અધિનિયમ લગભગ નેવું વર્ષ પહેલા ઘડવામાં આવ્યો હોવાથી, પેઢીનું રજિસ્ટ્રેશન અને તેમાંના સુધારા, ફીની વસૂલાત, પેઢીનું વિસર્જન, ભાગીદારોમાં ફેરફાર, વગેરે સંબંધિત જોગવાઇઓમાં, વર્તમાન સંજોગોમાં તેમના અમલીકરણના સંબંધમાં કેટલીક અસંગતિઓ(વિસંગતતા) જણાઇ છે. વધુમાં, ભાગીદારોની ઓળખ, પેઢીનો કાયમી ખાતા નંબર (PAN), રજિસ્ટ્રેશનનો ઇનકાર અને રજિસ્ટ્રારના હુકમ સામે અપીલ, જેવી મહત્વની જોગવાઇઓ પણ સદરહુ કેન્દ્રીય અધિનિયમમાં કરવી જરૂરી છે.

આવી અસંગતિઓ અને ઉણપોને દૂર કરવા માટે, ગુજરાત રાજ્યમાં તેના અમલીકરણના સંબંધમાં, ભારતનો ભાગીદારી અધિનિયમ, ૧૯૩૨ સુધારવો જરૂરી છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે, સદરહુ કેન્દ્રીય અધિનિયમ સુધારવા ધાર્યું છે.

**કનુભાઇ દેસાઇ,**

## ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે:-

કલમ ૧.- આ કલમની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, અધિનિયમની જોગવાઇઓ જે તારીખે અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે. તેનાથી, રાજ્ય સરકારને, અધિનિયમની જુદીજુદી જોગવાઇઓ માટે જુદીજુદી તારીખો નક્કી કરવાની પણ સત્તા મળે છે.

કલમ ૨.- (૧) આ કલમના ખંડ (ક)ના પરિચ્છેદ (૩)થી સુધારવા ધારેલી ભારતનો ભાગીદારી અધિનિયમ, ૧૯૩૨-ની કલમ ૫૮-ની પેટા-કલમ (૧)થી, રાજ્ય સરકારને, પેઢીના ધંધાનું કોઇ સ્થળ જે વિસ્તારમાં આવેલું હોય અથવા રાખવા ધાર્યું હોય તે વિસ્તારના રજિસ્ટ્રારને, જે દસ્તાવેજો અને ફી-સાથે જે નમૂનામાં અને જે રીતે પત્રક મોકલી શકાશે તે દસ્તાવેજો, ફી, નમૂનો અને રીત, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે;

(૨) આ કલમના ખંડ (ખ)થી ભારતનો ભાગીદારી અધિનિયમ, ૧૯૩૨-ની કલમ ૫૮-માં દાખલ કરવા ધારેલ નવી પેટા-કલમ (૧ક)ના પરંતુકથી, રાજ્ય સરકારને, જે અન્ય દસ્તાવેજોને આધારે બિન-નિવાસી વ્યક્તિ કોઇ પેઢીમાં ભાગીદાર હોય તેને પેઢીના રજિસ્ટ્રેશન માટેની મંજૂરી આપી શકાશે તેવા અન્ય દસ્તાવેજો, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે;

(૩) આ કલમના ખંડ (ખ)થી ભારતનો ભાગીદારી અધિનિયમ, ૧૯૩૨-ની કલમ ૫૮-માં દાખલ કરવા ધારેલી નવી પેટા-કલમ (૧ખ)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, જે તારીખે દરેક વ્યક્તિગત ભાગીદારે કલમ ૫૯ હેઠળ પેઢીનું રજિસ્ટ્રેશન મેળવવા માટે પાત્ર થવા માટે, પ્રમાણીકરણની કરાવવાનું રહેશે અથવા આધાર નંબર ધરાવવાનો પુરાવો રજૂ કરવાનો રહેશે તે તારીખ નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે; તેનાથી રાજ્ય સરકારને, પ્રમાણીકરણની અથવા આધારનંબરના પુરાવાને રજૂ કરવાની રીત, નિયમોથી ઠરાવવાની સત્તા પણ મળે છે; પેટા-કલમ (૧ખ)ના પરંતુકથી, રાજ્ય સરકારને, આધાર નંબર આપેલ ન હોય તેવી વ્યક્તિને જે રીતે વૈકલ્પિક અને વ્યવહાર્ય

હોય તેવા ઓળખના પુરાવા રજૂ કરવામાં દેવામાં આવશે તે રીત, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે;

(૪) આ કલમના ખંડ (ખ)થી, ભારતનો ભાગીદારી અધિનિયમ, ૧૯૩૨-ની કલમ ૫૮-માં દાખલ કરવા ધારેલી નવી પેટા-કલમ (૧ગ)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, જે તારીખે વ્યક્તિગત ભાગીદાર સિવાયની દરેક વ્યક્તિએ, કલમ ૫૯ હેઠળ પેઢીનું રજિસ્ટ્રેશન મેળવવા માટે પાત્ર થવા, પ્રમાણીકરણ કરાવવાનું રહેશે અથવા કર્તા, મેનેજિંગ ડિરેક્ટર(વહીવટી નિયામક), પૂર્ણકાલીન ડિરેક્ટર, તેટલી સંખ્યામાં ભાગીદારો, એસોસિએશનની સંચાલક સમિતિના સભ્યો, બોર્ડ ઓફ ટ્રસ્ટીઝ(ટ્રસ્ટી મંડળ), અધિકૃત પ્રતિનિધિ, અધિકૃત સહી કરનાર અને વ્યક્તિઓના આવા અન્ય વર્ગના આધાર નંબર ધરાવવાનો પુરાવો રજૂ કરવાનો રહેશે તે તારીખ નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે; તેનાથી રાજ્ય સરકારને, પ્રમાણીકરણની અથવા આધારનંબરના પુરાવા રજૂ કરવાની રીત, નિયમોથી ઠરાવવાની સત્તા પણ મળે છે; પેટા-કલમ (૧ગ)ના પરંતુકથી, રાજ્ય સરકારને, આધાર નંબર આપેલ ન હોય તેવી વ્યક્તિ અથવા વ્યક્તિઓના વર્ગને જે રીતે વૈકલ્પિક અને વ્યવહાર્ય હોય તેવા ઓળખના પુરાવા રજૂ કરવા દેવામાં આવશે તે રીત, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે;

(૫) આ કલમના ખંડ (ખ)થી, ભારતનો ભાગીદારી અધિનિયમ, ૧૯૩૨-ની કલમ ૫૮-માં દાખલ કરવા ધારેલી નવી પેટા-કલમ (૧ઘ)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, પેટા-કલમ (૧ખ) અથવા પેટા-કલમ (૧ગ)ની જોગવાઇઓ જેને લાગુ પડશે નહિ તેવી વ્યક્તિઓ અથવા વ્યક્તિઓનો વર્ગ, નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે.

કલમ ૩.- (૧) આ કલમના ખંડ (ક)થી, સુધારવા ધારેલી, ભારતનો ભાગીદારી અધિનિયમ, ૧૯૩૨-ની કલમ ૫૯-ની પેટા-કલમ (૧) (એ રીતે ફરીથી નંબર આપેલ)થી, રાજ્ય સરકારને, જે મુદતની અંદર રજિસ્ટ્રાર, પેઢીઓના રજિસ્ટરમાં પત્રકની નોંધ રેકર્ડ કરશે તે મુદત, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે;

(૨) આ કલમના ખંડ (ખ)થી, ભારતનો ભાગીદારી અધિનિયમ, ૧૯૩૨-ની કલમ ૫૯-માં ઉમેરવા ધારેલી નવી પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, સદરહુ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ રજૂ કરવા ફરમાવેલી કોઇપણ વિગતોના સંબંધમાં અધિનિયમની કલમ ૫૯-ની પેટા-કલમ (૧) હેઠળ રજૂ કરેલ પત્રક અથવા કોઇ

દસ્તાવેજ ખામીયુક્ત અથવા અધૂરા(અપૂર્ણ) જણાય અથવા તેમા રજૂ કરેલ વિગતોમાં કોઇ અસંગતિ(વિસંગતતા) અથવા અનિયમિતતા જણાય તો, રજિસ્ટ્રાર જે સમયની અંદર અને જે રીતે તે બાબતમાં સુધારો કરવા અથવા સ્પષ્ટતા કરવા માટે પેઢીને જાણ કરી શકશે તે સમય અને તે રીત, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે;

(૩) આ કલમના ખંડ (ખ)થી, ભારતનો ભાગીદારી અધિનિયમ, ૧૯૩૨-ની કલમ ૫૯-માં ઉમેરવા ધારેલી નવી પેટા-કલમ (૩)થી, રાજ્ય સરકારને, જે નમૂનામાં અને જે રીતે પેઢીના રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર કાઢી આપવામાં આવશે તે નમૂનો અને રીત, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે;

(૪) આ કલમના ખંડ (ખ)થી, ભારતનો ભાગીદારી અધિનિયમ, ૧૯૩૨-ની કલમ ૫૯-માં ઉમેરવા ધારેલી નવી પેટા-કલમ (૪)થી, રાજ્ય સરકારને, તેમાં નોંધવાના કારણો જણાવીને જે નમૂનામાં, જેટલા સમયમાં અને જે રીતે રજિસ્ટ્રાર રજિસ્ટ્રેશનના ઇન્કાર માટે પેઢીને જાણ કરશે તે નમૂનો, તે સમય અને તે રીત, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે;

કલમ ૪.- (૧) આ કલમના ખંડ (ક)થી સુધારવા ધારેલી, ભારતનો ભાગીદારી અધિનિયમ, ૧૯૩૨-ની કલમ ૬૦-ની પેટા-કલમ (૧)થી, રાજ્ય સરકારને, પેઢીના નામમાં અથવા રજિસ્ટર થયેલી પેઢીના ધંધાના મુખ્ય સ્થળના સ્થાનમાં ફેરફાર નિર્દિષ્ટ કરતું પત્રક અને કલમ ૫૮ હેઠળ ફરમાવેલી રીતે સહી કરેલ અને ખરાઇ કરેલ (પત્રક) તેની સાથેના જે દસ્તાવેજો અને જે ફી-સાથે જે નમૂનામાં અને જે રીતે, રજિસ્ટ્રારને રજૂ કરી શકાશે તે નમૂનો, રીત, દસ્તાવેજો અને ફી, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે;

(૨) આ કલમના ખંડ (ખ)થી સુધારવા ધારેલી, ભારતનો ભાગીદારી અધિનિયમ, ૧૯૩૨-ની કલમ ૬૦-ની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, રજિસ્ટ્રાર, જે મુદતની અંદર પેઢીઓના રજિસ્ટરમાં પેઢીને લગતી નોંધ સુધારવી જોઇશે તે મુદત, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે;

(૩) આ કલમના ખંડ (ગ)થી, ભારતનો ભાગીદારી અધિનિયમ, ૧૯૩૨-ની કલમ ૬૦-માં ઉમેરવા ધારેલી નવી પેટા-કલમ (૩)થી, રાજ્ય સરકારને, સદરહુ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ રજૂ કરવા ફરમાવેલી કોઇપણ વિગતોના સંબંધમાં

અધિનિયમની કલમ ૬૦-ની પેટા-કલમ (૧) હેઠળ રજૂ કરેલ પત્રક અથવા કોઇ દસ્તાવેજ ખામીયુક્ત અથવા અપૂર્ણ જણાય અથવા તેમા રજૂ કરેલ વિગતોમાં કોઇ અસંગતિ(વિસંગતતા) અથવા અનિયમિતતા જણાય તો, રજિસ્ટ્રાર જે સમયની અંદર અને જે રીતે તે બાબતમાં સુધારો કરવા અથવા સ્પષ્ટતા કરવા માટે પેઢીને જાણ કરી શકશે તે સમય અને તે રીત, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે;

(૪) આ કલમના ખંડ (ગ)થી, ભારતનો ભાગીદારી અધિનિયમ, ૧૯૩૨-ની કલમ ૬૦-માં ઉમેરવા ધારેલી નવી પેટા-કલમ (૪)થી, રાજ્ય સરકારને, તેમાં નોંધવાના કારણો જણાવીને જે નમૂનામાં, જેટલા સમયમાં અને જે રીતે રજિસ્ટ્રાર, રજિસ્ટ્રેશનના ઇન્કાર માટે પેઢીને જાણ કરશે તે નમૂનો, તે સમય અને તે રીત, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ.૫- આ કલમથી સુધારવા ધારેલ, ભારતનો ભાગીદારી અધિનિયમ, ૧૯૩૨ ની કલમ ૬૧થી, રાજ્ય સરકારને, તેવી કોઇ પેઢી કોઇપણ સ્થળે પોતાનો ધંધો બંધ કરે અથવા કોઇપણ સ્થળે અથવા પોતાના ધંધાનું મુખ્ય સ્થળ ન હોય તેવા સ્થળે ધંધો શરૂ કરે, ત્યારે રજિસ્ટર થયેલી પેઢીનો કોઇપણ ભાગીદાર અથવા એજન્ટ, જે દસ્તાવેજો સાથે અને જેટલી ફી સાથે જે નમૂનામાં અને જે રીતે રજિસ્ટ્રારને માહિતી પૂરી પાડી શકશે, તે દસ્તાવેજો, ફી, નમૂનો અને તે રીત નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૬.- આ કલમથી સુધારવા ધારેલ, ભારતનો ભાગીદારી અધિનિયમ, ૧૯૩૨ ની કલમ ૬૨ થી, રાજ્ય સરકારને, રજિસ્ટર થયેલી પેઢીના કોઇપણ ભાગીદાર પોતાના નામમાં અથવા કાયમી સરનામામાં ફેરફાર કરે, ત્યારે રજિસ્ટર થયેલી પેઢીનો કોઇપણ ભાગીદાર અથવા એજન્ટ, જે દસ્તાવેજો સાથે અને જેટલી ફી સાથે જે નમૂનામાં અને રીતે રજિસ્ટ્રારને માહિતી પૂરી પાડી શકશે, તે દસ્તાવેજો, ફી, નમૂનો અને તે રીત નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૭.- (૧) આ કલમના ખંડ (ક)થી સુધારવા ધારેલ, ભારતનો ભાગીદારી અધિનિયમ, ૧૯૩૨ ની કલમ ૬૩ની પેટા-કલમ (૧) થી, રાજ્ય સરકારને, રજિસ્ટર થયેલી પેઢીની રચનામાં કોઇપણ ફેરફાર થાય ત્યારે દાખલ થનાર, ચાલુ રહેનાર અથવા નિવૃત થનાર ભાગીદાર અને તેવી રજિસ્ટર થયેલી પેઢીના વિસર્જન સંબંધી, વિસર્જનનાં તરત પહેલાં ભાગીદાર હોય તેવી કોઇ વ્યક્તિ, અથવા એવા કોઇપણ ભાગીદારના એજન્ટ અથવા ખાસ કરીને આ અર્થે અધિકૃત કરેલી વ્યક્તિએ તેવા ફેરફાર અથવા વિસર્જનની

તારીખથી નેવું દિવસની અંદર, જે દસ્તાવેજો સાથે અને જેટલી ફી સાથે જે નમૂનામાં અને જે રીતે રજિસ્ટ્રારને નોટિસ આપી શકશે, તે દસ્તાવેજો, ફી, નમૂનો અને રીત નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે;

(૨) આ કલમના ખંડ (ક)થી, ભારતનો ભાગીદારી અધિનિયમ, ૧૯૩૨ ની કલમ ૬૩ની પેટા-કલમ (૧)માં દાખલ કરવા ધારેલ પરંતુકથી, રાજ્ય સરકારને, રાજપત્રમાં, જાહેરનામાથી, ભારતનો ભાગીદારી (ગુજરાત સુધારા) અધિનિયમ, ૨૦૨૧ના આરંભની તારીખ પહેલાં રજિસ્ટર થયેલી કોઇપણ પેઢીના સંબંધમાં થયેલા ફેરફાર અથવા વિસર્જન સંબંધિત નોટિસ જે મુદતમાં આપવી જોઇશે તે મુદત, નિર્દિષ્ટ કરવા માટેની સત્તા મળે છે;

(૩) આ કલમના ખંડ (ખ)થી સુધારવા ધારેલ, ભારતનો ભાગીદારી અધિનિયમ, ૧૯૩૨ ની કલમ ૬૩ની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, કોઇ પેઢીમાં ભાગીદારીનો લાભ મળે તે માટે દાખલ કરવામાં આવેલી કોઇ સગીર વ્યક્તિ પુખ્ત વયની થાય અને ભાગીદાર થવાનું કે ન થવાનું પસંદ કરે અને તે વખતે તે પેઢી રજિસ્ટર થયેલી પેઢી હોય, ત્યારે તે વ્યક્તિ, અથવા આ અર્થે ખાસ અધિકૃત કરેલો હોય તેવો તેનો એજન્ટ, તેની પસંદગીની તારીખથી નેવું દિવસની મુદતની અંદર, જે દસ્તાવેજો સાથે અને જેટલી ફી સાથે જે નમૂનામાં અને જે રીતે રજિસ્ટ્રારને નોટિસ આપી શકશે, તે દસ્તાવેજો, ફી, નમૂનો અને રીત નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે;

(૪) આ કલમના ખંડ (ખ)થી, ભારતનો ભાગીદારી અધિનિયમ, ૧૯૩૨ ની કલમ ૬૩ની પેટા-કલમ (૨)માં દાખલ કરવા ધારેલ પરંતુકથી, રાજ્ય સરકારને, રાજપત્રમાં, જાહેરનામાથી, ભારતનો ભાગીદારી (ગુજરાત સુધારા) અધિનિયમ, ૨૦૨૧ના આરંભની તારીખ પહેલાં રજિસ્ટર થયેલી કોઇપણ પેઢીના ભાગીદાર થવા અથવા ન થવા માટેની પસંદગીને લગતી નોટિસ, જે મુદતમાં રજૂ કરવી જોઇશે તે મુદત, નિર્દિષ્ટ કરવા માટેની સત્તા મળે છે;

(૫) આ કલમના ખંડ (ગ)થી, ભારતનો ભાગીદારી અધિનિયમ, ૧૯૩૨ ની કલમ ૬૩માં ઉમેરવા ધારેલ નવી પેટા-કલમ (૩)થી, રાજ્ય સરકારને, સદરહુ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ જરૂરી વિગતો પૈકી કોઇપણ વિગતના સંબંધમાં અધિનિયમની કલમ ૬૩ની પેટા-કલમ (૧) અથવા પેટા-કલમ (૨) હેઠળ પૂરા પાડેલ પત્રક અથવા

કોઇપણ દસ્તાવેજ ખામીયુક્ત અથવા અપૂર્ણ હોય અથવા તેમાં પૂરી પાડેલ વિગતોમાં કોઇ અનિયમિતતા અથવા અસંગતિ હોય, તો રજિસ્ટ્રાર, જેટલા સમયમાં અને જે રીતે સુધારો અથવા સ્પષ્ટતા કરવા માટે પેઢીને જાણ કરી શકશે તે સમય અને રીત, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે;

(૬) આ કલમના ખંડ (ગ)થી, ભારતનો ભાગીદારી અધિનિયમ, ૧૯૩૨ની કલમ ૬૩માં ઉમેરવા ધારેલ નવી પેટા-કલમ (૪)થી, રાજ્ય સરકારને, રજિસ્ટ્રાર એ ભાગીદાર અથવા તેના એજન્ટને તેમાં નોંધેલ કારણો જણાવીને રજિસ્ટ્રેશનના ઇનકારની જાણ જે નમૂનામાં, જેટલા સમયમાં અને જે રીતે કરશે, તે નમૂનો, સમય અને રીત, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે;

(૭) આ કલમના ખંડ (ગ)થી, ભારતનો ભાગીદારી અધિનિયમ, ૧૯૩૨ની કલમ ૬૩માં ઉમેરવા ધારેલ નવી પેટા-કલમ (૫)થી, રાજ્ય સરકારને, નિર્દિષ્ટ મુદત પૂરી થયાની તારીખ અને તેવી ચુકવણી કર્યાની તારીખ વચ્ચેની મુદતના સંબંધમાં, સદરહુ અધિનિયમની કલમ ૬૩-ની પેટા-કલમ (૧) અથવા પેટા-કલમ (૨) હેઠળ રજૂ કરેલી નોટિસની નોંધ કરવા માટે નોટિસ આપવામાં થયેલ વિલંબ માટે, ચૂકવવાનો થતો ચાર્જ, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૮.- (૧) આ કલમથી, ભારતનો ભાગીદારી અધિનિયમ, ૧૯૩૨માં દાખલ કરવા ધારેલ નવી કલમ ૭૦ક થી, રાજ્ય સરકારને, દરેક ભાગીદારે અને રજિસ્ટર થયેલી પેઢીએ જે રીતે અને જેટલા સમયમાં કાયમી ખાતા નંબર (PAN) રજૂ કરવાનો રહેશે તે રીત અને તે સમય, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે;

(૨) આ કલમથી, ભારતનો ભાગીદારી અધિનિયમ, ૧૯૩૨માં દાખલ કરવા ધારેલ નવી કલમ ૭૦ખ થી, રાજ્ય સરકારને, દરેક ભાગીદારે અથવા રજિસ્ટર થયેલી પેઢીએ જે રીતે અને જેટલા સમયમાં, પ્રમાણીકરણની પ્રક્રિયામાં પસાર થવાનું રહેશે અથવા આધાર નંબરનો પુરાવો રજૂ કરવાનો રહેશે તે રીત અને તે સમય, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે;

(૩) આ કલમથી દાખલ કરવા ધારેલ નવી કલમ ૭૦ખ ના પરંતુકથી, રાજ્ય સરકારને, એવા ભાગીદારને આધાર નંબર આપેલો ન હોય, તો જે રીતે, રજિસ્ટર થયેલી પેઢીના

ભાગીદારને વૈકલ્પિક અને વ્યવહાર્ય હોય તેવા ઓળખના પુરાવા કરવા દેવા જોઇશે તે રીત, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે;

(૪) આ કલમથી, ભારતનો ભાગીદારી અધિનિયમ, ૧૯૩૨માં દાખલ કરવા ધારેલ નવી કલમ ૭૦ગ થી, રાજ્ય સરકારને, કલમ ૫૮ની પેટા-કલમ (૩), કલમ ૫૯ની પેટા-કલમ (૪), કલમ ૬૦ની પેટા-કલમ (૪) અથવા કલમ ૬૩ની પેટા-કલમ (૪) હેઠળ રજિસ્ટ્રારનાં હુકમથી નારાજ થયેલી કોઇપણ વ્યક્તિ, જે સત્તાધિકારી સમક્ષ, જે નમૂનામાં, જે રીતે, જેટલા સમયમાં અને ચૂકવવાની થતી જેટલી ફી સાથે અપીલ કરી શકશે તે સત્તાધિકારી, નમૂનો, રીત, સમય અને ફી, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ: ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૨૧. **કનુભાઇ દેસાઇ.**

## <u>પુરવણી</u>

**ભારતનો ભાગીદારી અધિનિયમ, ૧૯૩૨ (સન ૧૯૩૨ના ૯-મા)માંથી ઉતારા.**

---

રજિસ્ટ્રેશન માટેની અરજી.

૫૮. (૧) પેઢીના ધંધાનું કોઇપણ સ્થળ જે વિસ્તારમાં આવેલું હોય અથવા રાખવા ધાર્યું હોય તે વિસ્તારના રજિસ્ટ્રારને ઠરાવેલા નમૂનામાં તથા ઠરાવેલી ફી સાથે નીચેની વિગતોવાળું પત્રક કોઇપણ સમયે ટપાલ દ્વારા મોકલીને અથવા પહોંચાડીને પેઢીનું રજિસ્ટ્રેશન કરાવી શકાશે-

(ક) પેઢીનું નામ,

(ખ) પેઢીના ધંધાનું સ્થળ અથવા મુખ્ય સ્થળ,

(ગ) બીજા જે સ્થળોએ પેઢી ધંધો કરતી હોય તે સ્થળોનાં નામો,

(ઘ) દરેક ભાગીદાર કઇ તારીખે પેઢીમાં જોડાયો તે તારીખ,

(ચ) ભાગીદારોનાં પૂરેપૂરાં નામો અને તેમનાં કાયમી સરનામાં, અને

(છ) પેઢીની મુદત.

તે પત્રક ઉપર તમામ ભાગીદારોએ અથવા આ માટે ખાસ અધિકાર આપેલા તેમના એજન્ટોએ સહી કરવી જોઇશે.

(૨) □□□ □□□ □□□

(૩) કોઇ પેઢીના નામમાં નીચેના શબ્દો ન હોવા જોઇશે:-

□ક્રાઉન□, □એમ્પરર□, □એમ્પ્રેસ□, □એમ્પાયર□, □ઇમ્પિરિયલ□, □કિંગ□ □કવીન□, □રોયલ□, અથવા સરકારની મંજૂરી અનુમતિ અથવા પેટ્રોનેજ વ્યક્ત કરતા અથવા સૂચવતા શબ્દો, સિવાય કે, રાજ્ય સરકારે લિખિત હુકમથી પેઢીના નામના ભાગરૂપે એવા શબ્દો વાપરવાની પોતાની સંમતિ દર્શાવી હોય.

રજિસ્ટ્રેશન.

૫૯. કલમ ૫૮ની જોગવાઇઓનું યોગ્ય રીતે પાલન કરવામાં આવ્યું છે એવી રજિસ્ટ્રારને ખાતરી થાય ત્યારે તેણે પેઢીનું રજિસ્ટ્રાર એ નામના રજિસ્ટરમાં તે પત્રક નોંધીને, તે પત્રક ફાઇલ કરવું જોઇશે.

પેઢીના નામમાં અને ધંધાના મુખ્ય સ્થળમાં થયેલા ફેરફારો નોંધવા બાબત.

૬૦. (૧) રજિસ્ટર થયેલી કોઇ પેઢીના નામમાં અથવા તેના ધંધાનું સ્થળ જ્યાં આવેલું હોય તે સ્થળમાં ફેરફાર કરવામાં આવે, ત્યારે, તે ફેરફાર નિર્દિષ્ટ કરતું અને કલમ ૫૮ હેઠળ ફરમાવેલી રીતે સહી કરીને ખરાઇ કરેલું પત્રક ઠરાવેલી ફી સાથે રજિસ્ટ્રારને મોકલી શકાશે.

(૨) પેટા-કલમ (૧)ની જોગવાઇઓનું યોગ્ય રીતે પાલન કરવામાં આવ્યું છે એવી રજિસ્ટ્રારને ખાતરી થાય તો તેણે તે પત્રક અનુસાર પેઢીના રજિસ્ટ્રારમાં તે પેઢી સંબંધી નોંધ સુધારવી જોઇશે, અને કલમ ૫૯ હેઠળ ફાઇલ કરેલા, તે પેઢી સંબંધી પત્રકની સાથે, તે ફાઇલ કરવું જોઇશે.

શાખાઓ બંધ કરવાની અને ખોલવાની નોંધ લેવા બાબત.

૬૧. રજિસ્ટર થયેલી કોઇ પેઢી કોઇ સ્થળે ધંધો કરવાનું બંધ કરે અથવા પોતાના ધંધાનું મુખ્ય સ્થળ ન હોય એવા કોઇ સ્થળે ધંધો શરૂ કરે ત્યારે કોઇપણ ભાગીદાર અથવા પેઢીનો એજન્ટ રજિસ્ટ્રારને તે બાબતની ખબર મોકલી શકશે અને રજિસ્ટ્રારે પેઢીઓના રજિસ્ટારમાં તે પેઢી સંબંધી નોંધમાં તે બાબત નોંધવી જોઇશે અને કલમ ૫૯ હેઠળ ફાઇલ કરેલા પેઢી સંબંધી પત્રકની સાથે તે બાબત ફાઇલ કરવી જોઇશે.

ભાગીદારોનાં નામોમાં તથા તેમનાં રહેવાનાં સરનામામાં ફેરફાર થાય તેની નોંધ લેવા બાબત.

૬૨. રજિસ્ટર થયેલી કોઇ પેઢીનો કોઇ ભાગીદાર પોતાના નામમાં અથવા કાયમી સરનામામાં ફેરફાર કરે ત્યારે કોઇપણ ભાગીદાર અથવા પેઢીનો એજન્ટ તે ફેરફાર અંગેની ખબર રજિસ્ટ્રારને મોકલી શકશે, અને તેણે તે સંબંધમાં કલમ ૬૧માં જણાવેલી રીતે તજવીજ કરવી જોઇશે.

પેઢીમાં થતા ફેરફારો અને તેનું વિસર્જન નોંધવા બાબત.

૬૩. (૧) રજિસ્ટર થયેલી કોઇપણ પેઢીની રચનામાં ફેરફાર થાય ત્યારે દાખલ થનાર, ચાલુ રહેનાર અથવા નિવૃત થનાર ભાગીદાર અને જ્યારે રજિસ્ટર થયેલી કોઇ પેઢીનું વિસર્જન થાય ત્યારે તે પેઢીનું વિસર્જન કરવામાં આવે તેની તરત પહેલાં ભાગીદાર હોય તે વ્યક્તિ અથવા એવા ભાગીદારનો એજન્ટ અથવા આ માટે ખાસ અધિકાર આપવામાં આવ્યો હોય તે વ્યક્તિ રજિસ્ટ્રારને એવા ફેરફારની અથવા વિસર્જનની તારીખ નિર્દિષ્ટ કરતી તે બાબતની નોટિસ

આપી શકાશે, અને રજિસ્ટ્રારે પેઢીના રજિસ્ટરમાં તે પેઢી સંબંધી નોંધમાં તે નોટિસ નોંધવી જોઇશે તથા કલમ ૫૯ હેઠળ ફાઇલ કરેલા પેઢી સંબંધી પત્રકની સાથે તે નોટિસ ફાઇલ કરવી જોઇશે.

(૨) કોઇ પેઢીમાં ભાગીદારીનો લાભ મળે તે માટે દાખલ કરવામાં આવેલી કોઇ સગીર વ્યક્તિ પુખ્ત વયની થાય અને ભાગીદાર થવાનું કે ન થવાનું પસંદ કરે અને તે વખતે તે પેઢી રજિસ્ટર થયેલી પેઢી હોય, ત્યારે તે વ્યક્તિ પોતે અથવા આ માટે ખાસ અધિકાર આપેલો હોય તેવા તેનો એજન્ટ રજિસ્ટ્રારને નોટિસ આપી શકશે કે તે વ્યક્તિ ભાગીદાર થઇ છે કે થઇ નથી અને રજિસ્ટ્રારે પેટા-કલમ (૧) માં જણાવેલી રીતે તે નોટિસ અંગે તજવીજ કરવી જોઇશે.

**૭૧.** (૧) રાજ્ય સરકાર રાજ્યપત્રમાં જાહેરનામા દ્વારા, પેઢીઓના રજિસ્ટ્રારને મોકલવામાં આવે તે દસ્તાવેજો સાથે મોકલવાની ફી અથવા પેઢીના રજિસ્ટ્રારના હવાલામાંના દસ્તાવેજોની તપાસણી માટે અથવા પેઢીના રજિસ્ટરમાંથી નકલો મેળવવા માટે આપવાની ફી ઠરાવતા નિયમો કરી શકશે. **નિયમો કરવાની સત્તા.**

પરંતુ એવી ફી અનુસૂચિ-૧માં નિર્દિષ્ટ કરેલી વધુમાં વધુ ફીની રકમથી વધુ હોવી જોઇશે નહિ.

(૨) રાજ્ય સરકાર, નીચેની બાબતો માટે પણ નિયમો કરી શકશે:-

(ક) કલમ ૫૮ હેઠળ રજૂ કરવાના પત્રકનો અને તેની ખરાઇનો નમૂનો ઠરાવવા માટે;

(ખ) કલમો ૬૦, ૬૧, ૬૨ અને ૬૩ હેઠળનાં પત્રકો, ખબરો અને નોટિસો ઠરાવેલા નમૂનામાં હોવાં જોઇએ તે ફરમાવવા માટે અને તેના નમૂના ઠરાવવા માટે;

(ગ) પેઢીના રજિસ્ટરનો નમૂનો અને તેમાં પેઢીઓ સંબંધી નોંધ કરવાની પદ્ધતિ અને એવી નોંધો સુધારવાની અથવા તેમાં નોંધ લેવાની પદ્ધતિ ઠરાવવા માટે;

(ઘ) તકરાર ઉપસ્થિત થાય ત્યારે, રજિસ્ટ્રારની કાર્યરીતિનું નિયમન કરવા માટે;

(ચ) રજિસ્ટ્રારને મળેલા દસ્તાવેજો ફાઇલ કરવાનું નિયમન કરવા માટે;

(છ) મૂળ દસ્તાવેજોની તપાસણી માટેની શરતો ઠરાવવા માટે;

(જ) નકલો આપવાનું નિયમન કરવા માટે;

(ઝ) રજિસ્ટરો અને દસ્તાવેજોનું વિસર્જન કરવાનું નિયમન કરવા માટે;

(ટ) પેઢીઓના રજિસ્ટરની અનુક્રમણિકા રાખવાની અને તેના નમૂનાની જોગવાઇ કરવા માટે; અને

(ઠ) સામાન્યત: આ પ્રકરણના હેતુઓ સિદ્ધ કરવા માટે.

(૩) અને (૪) □□□ □□□ □□□

## અનુસૂચિ-૧

## વધુમાં વધુ ફી.

**[જુઓ કલમ ૭૧ની પેટા-કલમ (૧)]**

| અનુક્રમાંક | ફીને પાત્ર દસ્તાવેજ અથવા કૃત્ય | વધુમાં વધુ ફી |
|---|---|---|
| ૧ | કલમ ૫૮ હેઠળનું પત્રક | ત્રણ રૂપિયા |
| ૨ | કલમ ૬૦ હેઠળનું પત્રક | એક રૂપિયો |
| ૩ | કલમ ૬૧ હેઠળની ખબર | એક રૂપિયો |
| ૪ | કલમ ૬૨ હેઠળની ખબર | એક રૂપિયો |
| ૫ | કલમ ૬૩ હેઠળની નોટિસ | એક રૂપિયો |
| ૬ | કલમ ૬૪ હેઠળની અરજી | એક રૂપિયો |
| ૭ | કલમ ૬૬ની પેટા-કલમ (૧) હેઠળ પેઢીના રજીસ્ટરની તપાસણી | રજિસ્ટરનું એક પુસ્તક તપાસવા માટે આઠ આના. |
| ૮ | કલમ ૬૬ની પેટા-કલમ (૨) હેઠળ કોઇ પેઢીને લગતા દસ્તાવેજોની તપાસણી | એક પેઢીને લગતા તમામ દસ્તાવેજો તપાસવા માટે આઠ આના. |
| ૯ | પેઢીના રજિસ્ટરમાંથી નકલો | દરેક સો શબ્દો અથવા તેના કોઇ ભાગ માટે ચાર આના. |

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૨૧નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૨૩.]

ગુજરાત રાજ્યને લાગુ પડતો ભારતનો ભાગીદારી અધિનિયમ, ૧૯૩૨ વધુ સુધારવા બાબત વિધેયક.

[ શ્રી કનુભાઇ દેસાઇ,

નાણા મંત્રીશ્રી.]

(સન ૨૦૨૧ના સપ્ટેમ્બર મહિનાની ૨૨ મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ડી. એમ. પટેલ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.